હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આ સુશાંતનો કેઈસ નથી કે તમે પુછો કે... અર્થવ્યવસ્થા જાતે મરી છે કે ખૂન કરવામાં આવ્યું છે...!!

પેથાપુરને અશાંત વિસ્તાર જાહેર કરવા મુખ્યમંત્રી સમક્ષ રજુઆત

પૂર્વ મંજૂરી વિના સ્થાવર મિલકતોના વેચાણ પર પ્રતિબંધ મુકવા માંગ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર અડીને આવેલા પેથાપુર વિસ્તારને અશાંત વિસ્તાર જાહેર કરીને પૂર્વ મંજુરી વિના સ્થાવર મિલકતોના વેચાણ ઉપર પ્રતિબંધ મુકવા માટે પેથાપુરના કેટલાક ગ્રામજનોએ મુખ્યમંત્રી સમક્ષ લેખિત રજુઆત કરી છે.

કેટલાક ગ્રામજનો જણાવ્યા પ્રમાણે પેથાપુર ગામ એ રાજાશાહી વખતનું છે તેમજ તાજેતરમાં ગાંધીનગર મહાનગર પાલિકામાં તેનો સમાવેશ કરાયો છે. જયારે પેથાપુર ગામની વસ્તી અંદાજીત ૩૫ હજાર છે. છેલ્લા એકાદ દાયકાથી પેથાપુરની વસ્તીમાં નોંધપાત્ર અસમાનતા ઉભી થઈ છે. જેમાં કેટલાક વિસ્તારમાં ચોક્કસ કોમના નાગરીકો એક સાથે રહેવા લાગતા સંવેદનશીલતા ઉભી થઈ હોવાનો દાવો કરાયો છે. અરજીકર્તાઓએ આક્ષેપ કર્યો છે કે પેથાપુર છોડીને ધંધા રોજગારઅર્થે અન્ય રહેવા ગયેલા વ્યકિતઓના મકાનમાં બિન કાયદેસર રીતે અમુક નાગરીકો ઘુસી ગયા છે. પેથાપુરના ભીલવાડો, કંસારફળી, મોટીફળી, ટીંબાફળી, નિશાનફળી અને કોટફળીના કેટલાક મકાનો દસ્તાવેજ નોંધણી વિના જ ચોકકસ વ્યકિતઓએ લઈ લીધા છે. ત્યારે આ બધુ રોકવામાં નહી આવે તો આગામી સમયમાં અમદાવાદ, અને આણંદ જેવી સ્ફોટક કોમી તંગદીલી આ વિસ્તારોમાં ઉભી થાય તેવી આશંકા વ્યકત કરી છે. તાજેતરમાં આણંદમાં હુલ્લડોની ગંભીરતાને ધ્યાને લઈ અશાંત વિસ્તાર જાહેર કરીને સ્થાવર મિલકતોની હેરાફેરી પર પ્રતિબંધ મુકાય છે. તે જ રીતે પેથાપુરમાં પણ અગમચેતીના પગલાના ભાગરુપે તાત્કાલીક અસરથી અશાંત વિસ્તાર જાહેર કરવા મુખ્યમંત્રી સમક્ષ લેખિત માંગ કરવામાં આવી છે. જયારે કેટલાક ગ્રામજનોનો આક્ષેપ પ્રમાણે પેથાપુરમાં સાબરમતિ નદી કિનારા વિસ્તારમાં ગેરકાયદેસર મોટીમાત્રામાં દબાણો ઉભા થઈ ગયા છે. જેમાં રાજય બહારથી આવેલા અન્ય નાગરીકો પણ વસવાટ કરે છે. જેને પગલે કેટલાક અસામાજીક તત્વોને પગલે અસામાજીક પ્રવૃતિઓ પણ રાત્રીના અંધકારમાં ધમધમતી હોવાની ફરીયાદો ઉઠવા પામી છે. જેને અનુલક્ષી પેથાપુરવાસીઓએ તંત્ર અને પોલીસને અપીલ કરીને ગેરકાયદેસર પ્રવૃતિઓ અને દબાણો બંન્ને પર કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર અને માણસા તાલુકામાં આજે હળવા વરસાદી ઝાપટા પછી બફારો વધી જવા પામ્યો છે. વાતાવરણમાં હજુ ઠંડક વ્યાપેલી જોવા મળી નથી.
- ગાંધીનગરના યુવા કાઉન્સીલર અંકિત બારોટે આજે તેમના વોર્ડમાં ૩૦૦ જેટલા નવા ફળવાયેલા ટ્રી ગાર્ડનું તાજેતરમાં જ્યાં વૃક્ષારોપણ થયુ હતુ ત્યાં વિતરણ કર્યુ છે.
- આજે રાજયના વિકાસ કમિશનર પ્રધાનમંત્રી આવાસ યોજના સહિત વિવિધ યોજનાઓના અમલીકરણ અંગે સમીક્ષા કરશે.
- ગાંધીનગર શહેરમાં આજે સતત બીજે દિવસે કોરોનાના નવા ૧૨ કેસ અને ૧૩ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવ્યું છે.
- ગાંધીનગર શહેરમાં ચિકનગુનિયા તેમજ મેલેરિયાના છુટા છવાયા કેસો મળતાં જ શહેરી મેલેરિયાતંત્રએ એન્ટી લાર્વેલની કામગીરી, ફોગીંગ તેમજ પોરાનાશક કામગીરીને સઘન બનાવી છે.
- જાયન્ટસ ગ્રૂપ ઓફ ગાંધીનગર, સાહેલી, પૂર્વ મેયર પ્રવિણભાઈ પટેલ, પ્રથમા બ્લડ સેન્ટર અને વિશ્વકર્મા વેપારી મંડળ દ્વારા આજે સે. ૨૧ ખાતે સ્વૈચ્છીક રક્તદાન કેમ્પનું આયોજન કરાયુ હતુ જેમાં ૪૦ થી વધુ રક્તદાતાઓ જોડાયા હતા.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સની ચૂંટણીમાં પ્રગતિ પેનલ વિજય

ચૂંટણીમાં આત્મનિર્ભર પેનલનાં સૂપડાં સાફ : વિજય પ્રગતિ પેનલના ઉમેદવારોને ૮૦ ટકા મત મળ્યા

અમદાવાદ,તા.૬

ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની અત્યંત પ્રતિષ્ઠાસભર ચૂંટણીમાં પ્રગતિ પેનલનો વિજય થયો છે. ચૂંટણીમાં આત્મનિર્ભર પેનલનો પરાજય થયો છે. શનિવારે યોજાયેલી ચૂંટણીમાં ૧૪૪૪ સભ્યોએ મતદાન કર્યા બાદ આજે મતગણતરીના અંતે વિજેતા ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા હતા. એમ તો આ પરિણામ અપેક્ષિત હતું કેમકે પ્રગતિ પેનલની સામે તેમના પ્રતિસ્પર્ધીઓએ છેલ્લી ઘડીએ આત્મનિર્ભર પેનલ ઊભી કરી લડત આપવાના પ્રયાસ કર્યો હતો. જોકે એમાં તેઓ કામિયાબ રહ્યા નહતા. અંતે પ્રગતિ પેનલનો જંગી બહુમતીથી વિજય થયો હતો. પેનલે ૮૦ ટકા મત સાથે આત્મનિર્ભર પેનલનાં સૂપડાં સાફ કરી નાખ્યા હતા. ચૂંટાયેલા સભ્યોમાં સિનિયર ઉપપ્રમુખ પદે હેમંત એન.શાહ, ઉપપ્રમુખ પદે કે.આઈ.પટેલ, સામાન્ય વિભાગમાં અજય ડી.પટેલ, સામાન્ય વિભાગમાં અંકિત શંકરભાઈ પટેલ, સામાન્ય વિભાગમાં ભુપેન્દ્ર પટેલ, સામાન્ય વિભાગમાં ચેતન ડી. શાહ, સામાન્ય વિભાગમાં મદનલાલ જયસ્વાલ, સામાન્ય વિભાગમાં પથિક એસ.પટ્ટવારી, સામાન્ય વિભાગમાં ઉદિત દિવેટિયા, સામાન્ય વિભાગમાં વિરંચી અરવિંદ શાહ, લાઈફ મેમ્બર સ્થાનિકમાં અનિલ એમ.જૈન, લાઈફ મેમ્બર સ્થાનિકમાં હતેન વસંત, લાઈફ મેમ્બર બહારગામમાં સૌરીન પરીખ, બિઝનેસ એસો.સ્થાનિકમાં ગૌરાંગ આર. ભગત, બિઝનેસ એસો.સ્થાનિકમાં હરગોવિંદસિંઘ અને બિઝનેસ એસો. બહારગામમાં અંબર જે.પટેલનો વિજય થયો છે. અગાઉ ચેમ્બરના ૧૦ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા. ચેમ્બરની ચૂંટણી પાંચમી તારીખે યોજાઈ પરંતુ જે કેટેગરીમાં જેટલી બેઠકો હતી તે જ ઉમેદવારો હોવાથી જે તે ઉમેદવારને ગત ગુરુવારે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં પ્રમુખ તરીકે નટુભાઈ પટેલ, કોર્પોરેટ કેટેગરીમાં શૈશવ શાહ, પારસ દેસાઈ અને પ્રવીણ કોટક. જ્યારે રિજિયોનલ ચેમ્બરમાં વી.પી. વૈષ્ણવ તથા દિનેશ નાવડિયા. અને સામાન્ય વિભાગ (બહારગામ) માટે ભાર્ગવ ઠક્કર, મિતુલ શાહ, સુનીલ વડોદરિયા અને મહેશ પૂંજને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

વરસાદ બાદ ગાંધીનગરમાં સમસ્યાઓનો પાર નથી. કયાંક રસ્તાઓ તુટી ગયા છે તો કયાંક ગટરો ઉભરાવવાની સમસ્યા છે. ગાંધીનગર શહેરની આ સમસ્યાઓ મામલે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘે આંદોલન શરુ કર્યું છે. આ સંદર્ભે ભાનુભાઈ મકવાણાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં અતિથિવિશેષ તરીકે શહેરના અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર સહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ સેકટર-૧૬ ઉપરાંત શહેરના અન્ય સેકટરોની સમસ્યાઓ અંગે ચર્ચા કરી ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની ખાતરી આપી હતી.

સેકટર-૨૧ વિશ્વકર્મા શોપીંગ સેન્ટર ખાતે સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું હતું. પૂર્વ મેયર પ્રવિણભાઈ પટેલે ખૂબ સહયોગ આપ્યો હતો. જરૂરિયાતમંદો સુધી એકત્રિત થયેલ રકત પહોંચાડવામાં આવ્યું હતું.

ભાટ ગામે જમીન જોવા ગયેલી મહિલાને મોતની ધમકી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર ભાટ ગામની સીમમાં આવેલી પોતાની જમીન જોવા ગયેલી મહિલા અને તેના ભાઈને અન્ય શખ્સોએ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે મહિલાએ અડાલજ પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અમદાવાદ ચાંદખેડા ખાતે ગોલ્ડન વીલા બંગલો ખાતે રહેતા માયાબેન રામરતન અરોરાએ ભાટ ગામ ખાતે આવેલી જમીન તેઓએ ખેડુત પાસેથી જે તે સમયે વેચાણ લીધી હતી. તે જમીન હાલમાં શ્રી સરકાર થયેલી છે. જે પરત મેળવવા માટે કેસ ચાલી રહ્યો છે. ત્યારે ગત તા.૧ ઓગસ્ટના રોજ બપોરના સુમારે ફરીયાદી તેમજ તેમનો ભાઈ ભાટ ગામે પોતાની જમીન જોવા માટે ગયા હતા. તે સમયે હાજર ભરત ભરવાડ અને તેનો ભત્રીજો હાજર હતા. તેઓએ મહિલા પાસે આવી આજ પછી આ જમીન પર પગ મુકશો તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી હતી. ધમકીને પગલે ભયભીત થઈ ગયેલા ભાઈ બહેન ત્યાંથી નીકળી ઘરે આવી ગયા હતા. ત્યારબાદ માતા-પિતાને બનાવ અંગે જાણ કરી હતી. ત્યાબાદ બનાવ અંગે મહિલાએ બે શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.

સેકટર-૨૬ ગ્રીનસીટી ખાતેથી બે સાયકલની ચોરી

ગાંધીનગર શહેરમાં વાહચોરી અને ઘરફોડ ચોરીની ઘટનાઓ સમયાંતરે બનતી રહે છે. ત્યારે હવે શહેરમાં સાયકલ ચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. સેકટર-૨૬ ગ્રીનસીટી રહેણાંક વિસ્તારમાંથી રાત્રીના સમયે બે સાયકલની ચોરી થવા પામી છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે. શહેરના સેકટર-૨૬ ગ્રીનસીટી પ્લોટ નં.ડી.૧૯ ખાતે રહેતા ગીરીશકુમાર બાબુલાલ પટેલના જણાવ્યા મુજબ તા.૪ ના રોજ વહેલી સવારે ચાર વાગ્યાના અરસામાં ઘર આગળથી રૂ.૮ હજારની દિકરાની સાઈકલ ચોરી થઈ હતી. જયારે બીજીતરફ પ્લોટ નં. કે-૭૦ ખાતે રહેતા અનુપકુમાર ચંદ્રશંકર વ્યાસના ઘર પાસેથી પણ તેમના દિકરાની રૂ.૭ હજારની સાઈકલની ઉઠાંતરી થવા પામી છે.

કૌન બનેગા IAS?: GAS કેડરના કેસી સંપત, મેહુલ દવે, આરએ મેરજા, અને એબી પટેલ પણ યાદીમાં

ગુજરાત વહીવટી સેવા (જીએએસ) કેડરના ૧૪ થી ૧૫ જેટલા ઓફિસરોને ગુજરાત સરકારની ભલામણ પ્રમાણે ભારતીય વહીવટી સેવા (આઈએએસ) તરીકે પ્રમોટ કરાશે. કેન્દ્ર સરકારમાં આ યાદી મોકલી દેવામાં આવી છે. ગુજરાત કોંગ્રેસના ધારાસભ્ય બ્રિજેશ મેરજા રાજીનામું આપીને ભાજપમાં જોડાયા હતા તેની પાછળનો મકસદ એવો હતો કે તેમના ભાઈ આરએ મેરજા ગુજરાત વહીવટી સેવામાં નોકરી કરે છે અને તેમનું આઈએએસમાં નોમિનેશન ડ્યુ છે ત્યારે તેમના ભાઈનો સમાવેશ પણ આ યાદીમાં કરવામાં આવ્યો છે. એ ઉપરાંત આનંદીબહેન પટેલની સરકારમાં સીએમઓમાં ફરજ બજાવતા કેસી સંપત અને કેશુભાઈ પટેલની સરકારમાં સીએમઓમાં ફરજયુક્ત હતા તે એમએમ દવેનું નામ પણ સામેલ છે. સામાન્ય વહીવટ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે નવી દિલ્હીમાં યોજાયેલી યુપીએસસીની એક બેઠકમાં રાજ્યના મુખ્ય સચિવ અનિલ મુકિમ અને અન્ય અધિકારીઓએ આ યાદી રજૂ કરી હતી. રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જીએએસ અધિકારીઓની યાદી તૈયાર કરી છે કે જેમને પ્રમોશન મળવાપાત્ર છે. તેમના નામો રાજ્ય સરકારની ડિપાર્ટમેન્ટ ઓફ પ્રમોશન કમિટી દ્વારા ચકાસવામાં આવે છે. જે ઓફિસરની સામે ખાતાકીય તપાસ હોય તેમને આ યાદીમાંથી બાકાત કરવામાં આવતા હોય છે. આ પ્રક્રિયા પછી યુપીએસસી અને કેન્દ્રની મિનિસ્ટ્રી ઓફ પર્સનલ એન્ડ ટ્રેઈનીંગ દ્વારા અધિકારીઓ અંગેની જાણકારી મેળવામાં આવે છે અને તેમણે નક્કી કરેલા નામો યુપીએસસીની ફાઈનલ મિટીંગમાં મૂકવામાં આવે છે અને ત્યારબાદ કેન્દ્ર અને રાજ્યના અધિકારીઓ મળીને નામ ફાઈલન કરે છે. જેમનું આઈએએસમાં નોમિનેશન થવાનું છે તેવા ઉમેદવારોમાં જીએએસ કેડરના જયશ્રી દેવાંગન, કેસી સંપત, એમકે દવે, પીડી પલસાણા, મેહુલ દવે, ડીએમ સોલંકી, પીએન મકવાણા, અશોક પટેલ, પીઆર જોષી, એબી રાઠોડ, એસકે પ્રજાપતિ, એસડી ધાનાની, કેએસ વસાવા, ડીડી જાડેજા, આરએ મેરજા, એનસી શાહ અને બીએચ પાઠકનો સમાવેશ થાય છે.

● સરકાર અને ખેડૂતના આંકડામાં વિરોધાભાસ...

ગુજરાતના ખેડૂતો મગફળી તરફ વળ્યાં છે. રાજ્યમાં ત્રણ વર્ષનો નોર્મલ વાવેતર ૧૫.૪૦ લાખ હેક્ટરમાં જોવા મળતું હોય છે પરંતુ આ વર્ષે ખરીફમાં ખેડૂતોએ મગફળીનું વાવેતર ૨૦.૭૩ લાખ હેક્ટરમાં કર્યું છે જે ૩૩ ટકાનો વધારો દર્શાવે છે. વાવેતરના આંકડા એકત્ર કરી સરકારના કૃષિ વિભાગે એવો અંદાજ વ્યક્ત કર્યો છે કે રાજ્યમાં આ વર્ષે મગફળીનું ઉત્પાદન ૫૪.૬૫ લાખ મેટ્રીકટન થશે જે ગયા વર્ષની તુલનાએ ૨૧ ટકાનો વધારો દર્શાવે છે. બીજી તરફ ખેડૂતો અને વેપારીઓનો અંદાજ છે કે ભારે વરસાદ અને રોગચાળાના કારણે મગફળીની ઉત્પાદકતાને અસર થઈ છે તેથી આ વર્ષે ઉત્પાદન ૩૮ લાખ મેટ્રીકટન થવાનો પ્રાથમિક અંદાજ છે. અહીં સવાલ એ છે કે પાક તો કિસાનની જનેતા છે તેથી તેને વધારે ખબર પડે છે. એરકન્ડીશન રૂમમાં બેસીને પાકના અંદાજ કાઢવા બહુ કઠીન હોય છે. સરકાર અને વેપારીઓના આંકડામાં મોટો વિરોધાભાસ જોવા મળ્યો છે. ખેડૂતોને સરકાર દ્વારા નિયમિતધોરણે પાક વીમો કે નુકશાની વળતર આપી શકતી નથી અને ઉંચા અંદાજ મૂકીને ખેડૂતોની આવક માત્ર ફાઈલોમાં વધારી રહી છે. ૩૧મી ઓગષ્ટ સુધીમાં ગુજરાતમાં ખરીફ વાવેતર ૮૪.૪૮ લાખ હેક્ટરમાં થયું છે જે ગયા વર્ષે ૮૨.૮૦ લાખ હેક્ટર હતું. રાજ્યમાં ૯૯.૫૧ ટકા વાવણી થઈ ચૂકી છે. તેલીબીયાં પાકોમાં સૌથી વધુ ૧૨૦.૬૫ ટકાનું વાવેતર થયું છે. ચોંકાવનારી બાબત એવી છે કે આ વર્ષે મગફળી અને કપાસના વાવેતરમાં બહું ઓછું અંતર જોવા મળ્યું છે. કપાસનું વાવેતર ૨૨.૭૭ લાખ હેક્ટરમાં અને મગફળીનું વાવેતર ૨૦.૬૫ લાખ હેક્ટરમાં થયું છે. ખેડૂતો મગફળીના પાક તરફ પાછા વળી રહ્યાં છે.

● ડાયાબિટીશ હોય તો કસુંબીના તેલનો ઉપયોગ કરો...

અંગ્રેજીમાં વાઈલ્ડ સેફ્રોન, હિન્દીમાં કુસુમ અને ગુજરાતીમાં કસુંબીના નામે ઓળખાતી વનસ્પતિના એક નહીં અનેક લાભદાયી પરિણામ મળ્યાં છે. મહારાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાં ડાયાબિટીસ અને કોલેસ્ટોરોલ જેવા રોગોનું નિદાન તદ્દન નહિંવત પ્રમાણ કસુંબીના તેલને આભારી હોવાનું એક સર્વેક્ષણમાં જોવા મળ્યું છે. આ ગ્રામ્ય વિસ્તારમાં કરડીના નામે વેચાતું તેલ લગભગ પ્રત્યેક પરિવારોના રસોડાની પ્રિય વાનગી છે. હૃદયરોગ નાશક તેલ આપનારી આ વનસ્પતિ મુખ્યત્વે દક્ષિણ ભારતમાં વધુ જોવા મળે છે. ગુજરાતમાં સિંગતેલ અને કપાસિયા તેલનું ચલણ વધુ છે તેથી ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને હૃદયરોગ જેવા રોગનું પ્રમાણ વધુ જોવા મળે છે. પંજાબ અને ઉત્તરપ્રદેશમાં માત્ર તેલ મેળવવા માટે ખેડૂતો કસુંબીની ખેતી કરતા હોય છે. કસુંબીની કાંટાવાળી અને કાંટા વિનાની એમ કુલ બે જાત છે. ફલ પર મકાઈ જેવા કેસરતંતુ નિકળે છે જેને કસુંબા કહે છે. એના ફૂલનું શાક લોકપ્રિય છે. ફુલમાં સોપારી જેવું ડીંડવું થાય છે જેમાંથી ખાદ્યતેલ મળે છે. કસુંબી વાયુકર, રૂક્ષ, કફહર, ભૂખવર્ધક, પિત્તકર્તા, અને સારક છે. મહત્વના રોગમાં તેના બીજનો ઉપયોગ મહત્વનો છે. ડાયાબિટીસ, કોલેસ્ટ્રોરોલ કે હૃદયરોગ હોય તેવા દર્દીઓને કસુંબીનું તેલ ખાવાની સલાહ આપવામાં આવે છે. અનુભવના આધારે જણાયું છે કે કસુંબાના બીજનું ચૂર્ણ દ્રાક્ષના રસ સાથે પીવાથી પથરી નિકળી જાય છે. ડાયાબિટીશમાં કસુંબીના તેલની માલીશ કરવાનું કહેવામાં આવે છે. કસુંબીના બીજને બાવળની છાલને બાળીને ભસ્મ બનાવી ચમેલીના તેલમાં મેળવી માથામાં લગાવવાથી વાળનો જથ્થો વધે છે.

● સીઆર કહે છે, સંગઠનની તાકાત વડે સરકાર બનશે...

ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે પાર્ટીના કાર્યકરોને એવી સૂચના આપી છે કે ''હું નાનામાં નાના કાર્યકરના સૂચનો સાંભળવા તૈયાર છું. કમલમ કાર્યાલયમાં મારા નામે બંધ કવરમાં સૂચન આપજો. હું ના હોઉં તો મારા પીએ ને રજૂઆત કે સૂચન આપજો, મને મળી જશે. જે કિસ્સામાં પાટાપિંડી કરવાની જરૂર હશે તે કરીશું. ઓપરેશન કરવાની જરૂરિયાત હશે તે પણ કરીશું. મને લાગે છે કે ઘણી બધી ફરિયાદો છે અને તેના ઉકેલ પણ ઘણાં બધાં છે, જે કરવા તૈયાર છું'' – પાટીલનો ગર્ભિત ઈશારો એવા નેતાઓ સામે છે કે જે લોકો પાર્ટી વિરોધી કામ કરી રહ્યાં છે અને માત્ર રાજકીય લાભ લેવા માટે ભાજપમાં આવ્યા છે. આ નેતાઓને ઠેકાણે પાડવાની તેમણે વ્યૂહરચના ગોઠવી છે. સરકાર અને પાર્ટી માટે મહત્વની સિદ્ધિ એવી છે કે સીઆર પાટીલના આવ્યા પછી સરકાર અને સંગઠન વચ્ચે સંકલનની મજબૂત કડી વર્ષો પછી સ્થાપિત થઈ રહી છે. ભાજપના પ્રદેશ એકમ (ટીમ ગુજરાત) માં ધરખમ ફેરફારોનો સંકેત પણ તેઓ આપી રહ્યાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિશ્વાસુ ગણાતા સીઆર પાટીલ ત્રણ ટર્મથી નવસારી બેઠક પરથી સંસદસભ્ય તરીકે ચૂંટાઈ આવે છે. ભાજપમાં દક્ષિણ ગુજરાતના ટોચના નેતાઓમાં સ્વર્ગસ્થ કાશીરામ રાણા પછી સીઆર પાટીલનું નામ લેવામાં આવે છે. સંગઠનમાં કામ કરવાની કુનેહના કારણે તેમની નિયુક્તિ પ્રદેશ પ્રમુખ તરીકે કરવામાં આવી છે. તેમની ટીમ ગુજરાતની જાહેરાત શ્રાદ્ધપક્ષ પછી થાય તેવી સંભાવના છે. સીઆર પાટીલ માટે 'લગે રહો મુન્નાભાઈલ્લના સોંગના શબ્દો – ''બંદે મેં હૈ દમ, વંદે માતરમ...'' અહીં સેટ થાય છે. તેઓ હંમેશા કહે છે કે પાર્ટીના સંગઠનની ખુદની તાકાત થકી મારે ગુજરાતમાં સરકાર બનાવવી છે...

● મુખ્યમંત્રી બનવા માટે કોઇ ડીગ્રીની જરૂર નથી...

ગુજરાતના રાજકારણને ડીગ્રીધારી નેતાઓ મળે છે પરંતુ તેમનો ઉપયોગ ઓછો થાય છે. આ નેતાઓને ટીવીના ટોક-શો માં બેસાડી દેવામાં આવે છે. ભાજપ હોય કે કોંગ્રેસ, બન્ને પાર્ટીમાં સરખી વિચારધારા જોવા મળે છે. મુખ્યમંત્રી બનવા માટે ડીગ્રીની નહીં ખંધા રાજકારણની જરૂર પડે છે. રાજ્યમાં ૧૯૯૫ પછી રાજકીય ધરી બદલાઈ ચૂકી છે. કહેવાય છે કે ઓછું ભણેલા હોવ તો તમારે માટે રાજકારણના દરવાજા ખુલ્લા છે. કોઈપણ પાર્ટીમાં એક્ટિવ થઈ જાવ અને દસ વર્ષ દિલ દઈને કામ કરો, તમારા સ્ટેપીંગ સ્ટેપનો ઉપયોગ કરીને તમે ઉંચા સ્થાને બેસી જાવ, તમારો સૂર્ય મધ્યાહ્ને તપશે. રાજનીતિમાં ડીગ્રીને જો મહત્વ મળ્યું હોત તો જયનારાયણ વ્યાસ આજે ગુજરાતના મુખ્યમંત્રી હોત અને સૌરભ પટેલ ડેપ્યુટી ચીફ મિનિસ્ટર પદ શોભાવતા હોત. એવી જ રીતે કોંગ્રેસમાં પણ શક્તિસિંહ ગોહિલ અને સિધાર્થ પટેલ મુખ્યમંત્રી થઈ શક્યા હોત. કોંગ્રેસના હિમાંશુ પટેલ કે નિશિત વ્યાસ રાજનીતિમાં ક્યારેય સફળ થયા નથી. કોંગ્રેસની જેમ ભાજપમાં પણ ઈન્ટલેક્ચુઅલની મોટી ફોજ છે. આ લોકો ટોક-શો કે પેનલ ડિસ્કશનમાં કામ લાગે છે સક્રિય રાજકારણમાં તેમનું કામ નથી. ભાજપમાં ખાડે ગયેલા નેતાઓમાં જેમની ગણના થાય છે તેવા ૧૦ ચહેરા પાર્ટીમાં ખૂણો પાળી રહ્યાં છે, કેમ કે તેમના ગોડફાધર નથી. આવી જ હાલત શંકરસિંહ વાઘેલાની થઈ છે. શક્તિશાળી હોવા છતાં ઓવર કોન્ફિડેન્સના કારણે તેઓ ખૂણો પાળી રહ્યાં છે.

● ભોજન લીધા પછી કોમેડી શો અવશ્ય જોવો જોઇએ...

ડાયાબિટીસના દર્દીઓ જો ભોજન પછી થોડીવાર હસે તો તેમના પેટમાં ગયેલા ભોજન પદાર્થો પર આંતરડામાં પાચક રસ વધારે સારી પ્રક્રિયા કરી શકે છે અને તેમના લોહીમાં ભોજન બાદની શર્કરાનું પ્રમાણ ઘટવાની શક્યતા રહેલી છે. હાસ્ય એક શ્રેષ્ઠ દવા હોવાનું સંશોધન થયેલું છે. આ અંગે હાથ ધરવામાં આવેલા અભ્યાસ પરથી જણાયું હતું કે હાસ્ય ઘણાં સામાન્ય રોગો સામે લડી શકે છે. તેના કારણે બ્લડપ્રેશર નીચું રહે છે અને લોહીમાં એન્ડોફિન્સ નામના હોર્મોન્સનો સ્ત્રાવ થાય છે, એટલું જ નહીં હસતા રહેવાથી લોહીનું પરિભ્રમણ સુધરે છે. માનસિક જોમ વધે છે. રોગ પ્રતિકારક શક્તિને બળ મળે છે અને હૃદય મજબૂત બને છે. લોહની શર્કરા પર અલ્પ નિયંત્રણ થકી ડાયાબિટીસ જેવા રોગોને લગતી જટીલતા જેવી કે હૃદયરોગ, કીડનીની નિષ્ફળતા કે અંધાપો જેવી પરિસ્થિતિ ઉભી થવાનું જોખમ ઘટે છે. સંશોધકો જણાવે છે હાસ્યથી માનસિક અવસ્થા સુધરતી હોવાથી લોહીમાં શર્કરાનું પ્રમાણ ઓછું થાય છે. જાપાનની ટુસકુબા યુનિવર્સિટીના સંશોધકોએ ડાયાબિટીસના દર્દીઓ અંગે અભ્યાસ હાથ ધર્યો હતો. તેમણે ૧૯ દર્દીઓ અને પાંચ તંદુરસ્ત વ્યક્તિઓને સરખું ભોજન આપી કંટાળાજનક પ્રવચન સંભળાવી લોહીનું પ્રમાણ તપાસ્યું હતું. બીજા દિવસે જાપાનીઝ કોમેડી શો બતાવ્યો હતો. આ બન્ને દિવસ પૈકી કોમેડી શો જોયા પછી દર્દીઓમાં શર્કરાનું પ્રમાણ ઓછું જોવા મળ્યું હતું, કારણ કે દર્દીઓ મન મૂકીને હસ્યા હતા. સંશોધકોએ કહ્યું હતું કે લોહીમાં શર્કરાના સ્તરને નિયંત્રણમાં રાખતી ન્યૂરો એન્ડોકીન સિસ્ટમ પર હાસ્યની અસર પડતી હોય છે.

'બંદે મેં હૈ દમ, વંદે માતરમ્' – લગે રહો મુન્નાભાઇનું આ સોંગ સીઆર પાટીલને લાગુ પડે છે

મહારાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારમાં ડાયાબિટીસના દર્દીઓ નથી, કારણ કે કરડીનું તેલ લોકપ્રિય છે

મગફળીના વાવેતરમાં વિક્રમ સર્જાયો, સરકારના અંદાજ અને વેપારીઓની ગણતરીમાં મોટો ફેર